**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

# જ્ઞાન કર્મ સંન્યાસ યોગ કર્મ બ્રહ્માર્પણ યોગ

ધનશ્યામસિંહ એન. ગઢવી

શ્રીમદ્ ભગવદ્ગીતાના આ ચોથા દિવ્ય પુષ્પ એટલે કે ચતુર્થ અધ્યાયની શરૂઆત કરીશું, ત્રણ અધ્યાય સુધી આપણે વિષાદ, સાંખ્યયોગ અને કર્મયોગની મહત્તા તથા જગનિયંતા ભગવદ્ શ્રી કૃષ્ણનું દર્શન જોયું. હવે તેઓના જ મુખે આપણે જ્ઞાન કર્મ સંન્યાસ યોગની રહસ્યતાને પામવાનો પ્રયત્ન કરીશું.

બીજા તથા ત્રીજા અધ્યાયમાં ભગવાને ‘કર્મયોગ’ જેની પ્રાપ્તિનો ઉપાય છે એવો સંન્યાસ સહિત જ્ઞાનનિષ્ઠારૂપ યોગ કહ્યો, આ જ્ઞાન યોગમાં વેદના પ્રવૃત્તિ લક્ષણ તથા નિવૃત્તિ લક્ષણ એમ બન્ને ધર્મના સંપૂર્ણ અર્થની સમાપ્તિ થાય છે. ગીતાજ્ઞાનમાં ‘યોગ' શબ્દથી ‘જ્ઞાનયોગ' જ વિવક્ષિત છે. માટે સર્વ વેદાર્થ જ્ઞાન યોગમાં આવી ગયો છે એમ માની ભગવાન વંશપરંપરાના કથન વડે આ જ્ઞાનનિષ્ઠારૂપ યોગની સ્તુતિ કરે છે.

इमं विवस्वते योगं प्रोक वानहमव्ययम्।

विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेडनवीत् ॥

મેં આ અવિનાશી યોગ સૂર્યને કહ્યો હતો, સૂર્યે પોતાના પુત્ર મનુને કહ્યો, મનુએ આ યોગ રાજા ઇક્ષ્વાક ને કહ્યો હતો.

एवं परम्पराप्रासमिमं राजर्षयो विदुः ।

स कालेनेह महता योगो नष्टः परंतप ॥

એ પ્રમાણે પરંપરાથી પ્રાપ્ત થયેલા આ કર્મયોગને રાજર્ષિઓ જાણતા હતા. પરંતુ તે યોગ ઘણા સમયથી આ લોકમાંથી લુપ્ત થયો છે.

પરંતુ હે અર્જુન તું મારો ભક્ત અને મિત્ર છે, એટલા માટે પહેલાં કહેલો તે જ આ યોગ અને ઉત્તમ રહસ્ય જે મર્મનો વિષય છે. તે હું તને જણાવું છું.

भक्तोऽसि मे सखा चेति रहयं ध्रुत्तमम् ।

ભગવાન અર્જુનને કહે છે કે મેં જે નિષ્કામ કર્મયોગ તને બતાવ્યો તે બહુ પ્રાચીન કાળથી ચાલતો આવ્યો છે. તું પ્રિય ભક્ત છે તેથી, ને હમણાં ધર્મ સંકટમાં છે તેથી મેં તને એ શીખવ્યો છે, જ્યારે જ્યારે ધર્મની નિંદા થાય છે. અને અધર્મ ફેલાય છે ત્યારે ત્યારે હું અવતાર લઇ ભક્તોની રક્ષા કરું છું.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।

अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।

धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ॥

ભગવાન શ્રી કૃષ્ણ જગતના ધર્મના રક્ષક છે, धारणात् धर्मम् इत्याहुः (કર્ણપર્વ) જેને લીધે સર્વનું ધારણ થાય તથા જેના વડે સર્વનો અભ્યુદય થાય તે 'ધર્મ' કહેવાય છે. શ્રી કૃષ્ણ કહે છે કે જ્યારે ધર્મના રક્ષણની જરૂર પડે છે, જ્યારે જ્યારે ધર્મ તત્ત્વને ઝાંખપ આવે છે, જ્યારે જ્યારે અધર્મનો ઉદય અને વૃદ્ધિ થાય છે ત્યારે હું મારી જાતને સર્જું છું.

શ્રી મધુસૂદન કહે છે કે જ્યારે જ્યારે વેદવિહિત પ્રવૃત્તિ લક્ષણ તથા નિવૃત્તિ લક્ષણ ધર્મનાશ પામે છે, જ્યારે લોકો વર્ણાશ્રમધર્મનું પાલન કરતા નથી તથા અધર્મ વૃદ્ધિ પામે છે ત્યારે હું જન્મ ધારણ કરું છું, અર્થાત્ નિત્ય સિદ્ધ એવા મારા દેહને સર્જાયો હોય એમ મારી માયા વડે હું બતાવું છું. વળી સજ્જન સાધુ પુરુષોના રક્ષણ માટે, પાપીઓના વિનાશ માટે અને ધર્મનું સ્થાપન કરવા માટે હું દરેક યુગમાં પ્રગટ થાઉં છું. આ શ્લોકમાં અવતારવાદનું રહસ્ય છતું થાય છે. સંતપુરુષોના રક્ષણ માટે દુર્જનોનો વિનાશ કરવા માટે એ બે કામો

કરવા અને ધર્મતત્ત્વની પુનઃ સ્થાપના કરવા માટે હું જુદા જુદા યુગોમાં જન્મ લઉં છું. 'અવતાર'નો સિદ્ધાન્ત ભારતીય દાનિક પરંપરામાં મહત્ત્વનું કદમ છે, મહર્ષિ અરવિંદ મુજબ તો અવતારવાદ ગીતાના સમગ્ર તત્ત્વદર્શનના સારરૂપ છે, સમગ્ર વિશ્વ અનિવાર્યપણે ઇષ્ટ તરફ ઉત્ક્રાંત થાય છે.

ने मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंच्चन्...।

પોતાને કશું કાર્ય નથી છતાં કર્મમાં પ્રવૃત્ત રહીને તે સમસ્ત માનવજાતિને પણ તેમ કરવા પ્રેરણા આપે છે. આજ અધ્યાયમાં ભગવાન મનુષ્યોના જન્મ અને પોતાના જન્મમાં ત્રણ મોટાં અંતર બતાવે છે. મનુષ્યોના અને ભગવાનના ઘણાં જન્મો થઇ ચૂક્યા છે. એ બધા જન્મોને મનુષ્યો તો નથી જાણતા પણ ભગવાન જાણે છે.

મનુષ્ય પ્રકૃતિને પરવશ બનીને પોતાના કરેલા પાપ પુણ્યના ફળ ભોગવવા માટે અને ફળભોગ પૂર્વક પરમાત્માની પ્રાપ્તિ કરવાને માટે જન્મ લે છે, પણ ભગવાન પોતાની પ્રકૃતિને આધીન સ્વાધીનતા પૂર્વક પોતાની યોગમાયાથી પ્રગટ થાય છે. સાધારણ રીતે મનુષ્ય પોતાની કામનાઓની પૂર્તિને માટે કાર્ય કરે છે કે જે મનુષ્ય જન્મનું ધ્યેય નથી, પણ ભગવાન કેવળ જીવમાત્રના કલ્યાણને માટે કાર્ય કરે છે.

શ્રી મોદીના મતે ભક્તિમાર્ગનો એક સિદ્ધાન્ત છે કે ભગવાનના જન્મની શક્યતા, દિવ્ય પ્રકારથી થતા જન્મો અને જન્મો દરમિયાન દિવ્ય રીતે કરેલાં કર્મો જે સમજે છે, તે મોક્ષ પામે છે.

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्वतः ।

હે અર્જુન મારો જન્મ અને કર્મ અલૌકિક છે. આગળ અર્જુને ભગવાનને કેવળ તેમના જન્મના વિષયમાં પૂછ્યું હતું, પરંતુ ભગવાને અર્જુનને પૂછ્યા વિના પોતાના તરફથી કર્મના વિષયમાં કહેવાનો આરંભ કરી દીધો. જેવી રીતે મારાં કર્મો દિવ્ય છે, તેવી રીતે તમારાં કર્મો પણ દિવ્ય હોવાં જોઇએ. કર્મોમાં દિવ્યતા યોગથી આવે

છે. જે કર્મો બંધનરૂપ હોય તે જ કર્મો દિવ્યતા આવવાથી મુક્તિ આપનાર બની જાય છે. શ્રીકૃષ્ણ કહે છે મારું શરણ લઇ રાગ, ભય, ક્રોધ રહિત થયેલા અનન્ય ભાવથી ભગવત્પરા સ્ણ થઇ જ્ઞાનરૂપ તપ વડે પવિત્ર થયેલા ઘણા મનુષ્યો મારા સ્વરૂપને પામ્યા છે. ભગવાનના જન્મ અને કર્મની દિવ્યતાને તત્ત્વથી જાણવાથી મનુષ્યોની ભગવાનમાં પ્રીતિ થઇ જાય છે. પ્રીતિ થવાથી તેઓ ભગવાનને જ શરણે થઇ જાય છે. અને શરણે થવાથી તેઓ આપમેળે **मन्मयाः** બની જાય છે.

હે અર્જુન બધા મનુષ્યો મારા માર્ગને અનુસરે છે, પરન્તુ જે મનુષ્યો મને જેવી રીતે ભજે છે, તેમને હું તે જ પ્રમાણે ભજું છું. શંકરાચાર્યના મતે ભગવાન અર્થીને અર્થ, રોગીને નિરોગીતા સ્વર્ગાદિની કામનાવાળાઓને સ્વર્ગાદિ દિવ્ય ભોગો તથા નિષ્કામ ભક્તોને મોક્ષ આપી અનુગ્રહ કરે છે, હું રાગદ્વેષ કે મોહને વશ થઇ ફળ આપતો નથી કે અનુગ્રહ કરતો નથી. તેથી મારામાં કોઇ વિષમતાનો દોષ સંભવતો નથી. એમ તાત્પર્ય છે. અનંત બ્રહ્માન્ડનો સ્વામી પોતાના ભક્તોના ભાવ અનુસાર આશ્રય આપે છે એમાં એમની ઉદારતા અને દયાળુતા દર્શાવાઇ છે.

જે સકામ પુરુષો ઇન્દ્ર, અગ્નિ, સૂર્ય વગેરે દેવોને યજ્ઞાદિ કર્મો વડે પૂજે છે તેમને તે કર્મોના ફળની પ્રાપ્તિ આ મનુષ્યલોકમાં તુરત થાય છે, પરન્તુ નિષ્કામ કર્મનું મોક્ષરૂપ ફળ શીઘ્ર પ્રાપ્ત થતું નથી. કારણ કે મોક્ષરૂપ ફળ ચિત્ત શુદ્ધિની અપેક્ષા રાખે છે. અને ચિત્ત શુદ્ધિ અનેક જન્મોના પુણ્યથી પ્રાપ્તિ થાય છે. તેથી કર્મફળોની શીઘ્ર સિદ્ધિ માટે સકામ પુરુષો મોક્ષથી વિમુખ થઇ, ઇન્દ્રાદિ દેવીને પૂજે છે, પરન્તુ નિષ્કામ ભાવે મને વાસુદેવને ભજતા નથી..

શ્રી તિલક કહે છે કે કોઇ પણ માર્ગે જઇએ તો પણ આખરે પરમેશ્વરને માર્ગે જ જવાશે, પરમેશ્વરના આરાધનનું ખરું ફળ મોક્ષ છે અને તે કાલાન્તરે દીર્ઘ અને એકાન્ત ઉપાસનાથી જ્યારે કર્મ બંધનો પૂર્ણ નાશ

થાય છે ત્યારે જ પ્રાપ્ત થાય છે.

ભગવાન કહે છે કે હે અર્જુન ગુણ અને કર્મીના વિભાગ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ષો મેં સર્જેલા છે. તેનો કર્તા છતાં પણ મને અકર્તા અને વિકાર રહિત તું જાણ. ભગવાને ચાતુર્વર્યને ગુણ અને કર્મના વિભાગ વડે કેવી રીતે સાં છે તે સમજાવતાં આદ્યગુરુ શંકરાચાર્ય કહે છે કે સત્ત્વગુણ પ્રધાન એવા બ્રાહ્મણના શમ, દમ, તપ વગેરે કર્યો છે. જેમનામાં સત્વ અપ્રધાન છે અને રજોગુણ પ્રધાન છે, એવા ક્ષત્રિયના શૌર્ય, તેજ આદિ કર્મો છે, જેમનામાં તમોગુણ ગૌણ છે અને રજો ગુણ પ્રધાન છે એવા વૈશ્યનાં ખેતી વગેરે કાર્યો છે. અને જેમનામાં રજોગુણ અને તમોગુણ પ્રધાન છે એવા શૂદ્રનું કર્મ કેવળ સેવા જ છે. એ પ્રકારે ગુણ અને કર્મોના વિભાગથી ચારે વર્ગો મારાથી સર્જાય છે.

વળી અર્જુન કર્મોના ફળમાં મને સ્પૃહા નથી, કર્મો મને લેખતાં નથી એ પ્રમાણે મને જે તત્ત્વથી જાણે છે તે કર્મોથી બંધાતો નથી. શ્રી તિલક કહે છે કે અહીં મારો જન્મ અને મારું કર્મ જે જાણે છે તે મુક્ત થાય છે.

શંકરાચાર્ય કહે છે કે શ્રીકૃષ્ણ અર્જુનને કહેવા માગે છે કે આત્મા ને અકર્તા તથા અભોક્તા જાણીને આ દ્વાપર યુગમાં મોક્ષની ઇચ્છાવાળા યયાતિ, યદુ વગેરેએ વર્ણાશ્રમ વિહિત ક્રમો કરેલાં છે. તથા તેમની પૂર્વે ત્રેતાયુગમાં જનક વગેરેએ પણ વર્ણાશ્રમ વિહિત કર્યું કરેલાં છે, માટે તું તત્ત્વવેત્તા હોય તો જનક વગેરેથી જેમ લોકસંગ્રહ માટે કર્મો કર અને જો તું તત્ત્વવેત્તા ન હોય તો અંતઃકરણની શુદ્ધિ માટે કર્મો કર, પરંતુ તારે સંન્યાસ લેવા યોગ્ય નથી. શ્રી મોદીના મતે વિવિધ દૃષ્ટાંતો આપીને અર્જુન પાસે ભગવાન નિષ્કામ કર્મ કરાવવાનો છે.

જીવ કર્મો વડે બંધાયો છે તો કર્મો વડે જ મુક્ત થશે, અહીં ભગવાન પ્રતિજ્ઞા કરે છે કે હું તે કર્મ તત્ત્વ સારી રીતે કહીશ. જેમાથી કર્મ કરતા હોવા છતાં પણ તે બંધન કારક ન બને, તાત્પર્ય એ છે કે કર્મી કરવાની એ

વિદ્યા બતાવીશ, જેનાથી તું કર્મ કરતો હોવા છતાં પણ જન્મ મરણ રૂપી બંધનથી મુકત થઇ જશે.

गहना कर्मणो गतिः

કર્મનું તત્વ જાણવું જોઇએ તથા નિષિદ્ધ કર્મનું તત્વ જાણવું જોઇએ કેમ કે કર્મની ગતિ (જ્ઞાન) ગહન છે. કર્મો, વિકર્મ તથા અકર્મનું સ્વરૂપ દુર્વિજ્ઞેય છે તે બતાવતાં કહે છે કે હે અર્જુન મુમુક્ષુએ શાસ્ત્ર વિહિત કર્મનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઇએ; વિહિત કર્મનું સ્વરૂપ જાણી તે પ્રમાણે અનુષ્ઠાન કરવું જોઇએ; નિષિદ્ધ કર્મનું સ્વરૂપ જાણવું જોઇએ; નિષિદ્ધ કર્મનું સ્વરૂપ જાણી તેનો પરિત્યાગ કરવો જોઇએ; અને અકર્મ એટલે કર્મ સંન્યાસનું સ્વરૂપ પણ જાણવું જોઇએ.

મીમાંસકોના મતે યજ્ઞયાગાદિ કામ્ય કર્મ કર્મ' છે. બાકીના બીજાં બધાં કર્મ 'વિકર્મ' છે. અને કર્મ ન કરવું તે અકર્મ છે.

શંકરાચાર્યના મતે 'કર્મ' એટલે શાસ્ર વિહિત કર્મ, વિકર્મ એટલે પ્રતિષિદ્ધ કર્મ અને 'અકર્મ' એટલે કર્મનો સદંતર અભાવ.

શ્રી મધુસૂદનના મતે કર્મ, વિકર્મ તથા અકર્મ તત્વને જાણી વિકર્મ તથા અકર્મનો ત્યાગ કરી, કતૃત્વ તથા ફલેચ્છાનો ત્યાગ કરી વિહિત કર્યું જ કરવાં એવો અભિપ્રાય છે. શ્રી કૃષ્ણ અર્જુને કહે છે કે જે કર્મમાં અકર્મ જુએ છે અને જે અકર્મમાં કર્મ જુએ છે તે મનુષ્યોમાં બુદ્ધિમાન છે અને તે યોગમુક્ત છે અને સર્વકર્મ કરનારો છે.

કર્મયોગી સિદ્ધિ અસિદ્ધિમાં સમ રહે છે, કર્મનું ફલ મળે કે ના મળે, તેનામાં કદી વિષમતા નથી આવતી, કેમ કે તેણે ફળેચ્છાનો ત્યાગ કરી દીધો છે. માટે તે યોગી છે. જેના સર્વ કર્મો કામના તથા સંકલ્પથી રહિત છે, તથા જેનાં કર્મો જ્ઞાન રૂપ અગ્નિમાં બળી ગયાં છે તેને જ્ઞાની પુરુષો "પંડિત" કહે છે. શ્રી તિલક કહે છે કે જ્ઞાનથી

કર્મ ભસ્મ થાય છે. તેનો અર્થ કર્મ છોડવાં એવો નથી, પણ ફળેચ્છા છોડી કર્મ કરવાં એવો સમજવાનો છે.

ब्रह्मार्पणं ब्रह्म हवि ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।

ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्म कर्म समाधिना ॥

અર્પણ એટલે હવન કરવાની ક્રિયા તે બ્રહ્મ, વિ એટલે અર્પણ કરવાનું દ્રવ્ય તે બ્રહ્મ, બ્રહ્માગ્નિમાં બ્રહ્મ જ હવન કરનાર છે એ પ્રમાણે સર્વકર્મ બ્રહ્મ છે એવી જ જેની બુદ્ધિ થઇ છે તેને બ્રહ્મ પદ જ પ્રાપ્ત થવાનું છે.

શ્રદ્ધાવાન એટલે શું? શ્રદ્ધાવાન એટલે સત્યમાં શ્રદ્ધાવાળો, સત્યથી કશું પર નથી અને શ્રેષ્ઠ નથી. એમ જે સમજે છે અને તેથી સત્યનું મૂલ્ય સૌથી વધારે હોવાથી તેને માટે બાકીનું બધું જતું કરવાની હિંમતવાળો છે તે શ્રદ્ધાવાન કહેવાય છે. વળી હે પ્રિય શ્રદ્ધાવાનનું વિશેષ લક્ષણ કહું તે સાંભળ શ્રદ્ધાવાન પુરુષ નિરભિમાની હોય, પશુ, પંખી અને જડભૂતોમાંથીય ઉપદેશને તે શોધે. કોઇપણ વિષયને લગતો સાચો વિચાર કે રીત બતાવનાર બ્રાહ્મણ હોય કે શૂદ્ર, પુરુષ હોય કે સ્ત્રી, સ્વામી હોય કે ગુલામ, નિરભિમાની થઇ તેની પાસેથી એ શીખે અને જેની પાસેથી રજ જેટલુંય શીખ્યો હોય તેના પ્રત્યે હંમેશાં કૃતજ્ઞ રહે, જ્ઞાનની ઇચ્છાવાળો શ્રદ્ધાવાન હોવા ઉપરાંત તત્પર એટલે પરમાત્માને જ પરાયણ હોવો જોઇએ; પરમેશ્વરથી કશું શ્રેષ્ઠ નથી. એ સિવાય બીજું કશું જાણવા જેવું, મેળવવા જેવું કે માવણા જેવું છે નહિ એમ જાણનારો હોય, આથી હે અર્જુન એ સંયતેન્દ્રિય હોવો જોઇએ; જ્ઞાનપ્રાપ્તિની કેટલીક શરતો છે. આવો પુરુષ આત્મજ્ઞાનરૂપી પરમસત્ય મેળવે છે. હે અર્જુન હવે એનું ફળ શું તે સાંભળ ‘‘પરંતપ, પરમશાંતિ એ એનું ફળ છે; શાંતિ એટલે સમતા, ચિત્તની યોગાવસ્થા, શાંતિ એટલે આનંદની ભરતી નહિ કે વિષાદની ઓટ નહિ, શાંતિ એટલે પ્રેમનું વેવલાપણું નહિં અને લાગણી શૂન્યતાનું શુષ્કપણું નહિ, શાંતિ એટલે કે સારા કે નરસા ભાવોનો આવેશ કે ઉન્માદ નહિં, શાંતિ એટલે મૂંઝવણમાંથી માર્ગ મળે તો હર્ષ અને ન મળે ત્યાં સુધી ગભરાટ એમ નહિ, પણ શાંતિ એટલે ગભરાટ વિના સર્વ પરિસ્થિતિમાં ધીરજથી વિચાર

કરવાની શક્તિ, અનિવાર્ય દુઃખોને વગર ફરિયાદે સહન કરી લેવાની શક્તિ, સુખથી ઘેલા ન થઇ જવાની શક્તિ, હે પાર્થ આવી શાંતિ એ આત્મજ્ઞાનનું ફળ છે. એવી શાંતિને જ જે આનંદ અને સુખ સમજે છે તે આત્મજ્ઞાનને આનંદરૂપ અને સુખમય માને છે.

જે અજ્ઞાની, અશ્રદ્ધાળુ અને શંકાખોર છે તે એનો અધિકારી થઇ શકતો નથી. તે પુરુષ અર્ધે મને ભોગો પાછળ અને અર્ધે મને સંયમ પાછળ પડે છે, અને બેવમાંથી એકેને સિદ્ધ કરી ન શકવાથી અસંતુષ્ટ અને દુઃખી જ રહે છે, એને આ લોકમાંયે સુખ નથી અને મરણ બાદ પણ શાંતિ નથી.

હે ધનંજય, યોગથી જેણે કર્મનાં બંધનોનો સંન્યાસ કર્યો છે, જ્ઞાનથી જેણે સંશયોને છેદી નાખ્યા છે, જેણે ચિત્તને કબજે કર્યું છે તેને કર્મોથી બંધન થતું નથી. કે ભારત, અજ્ઞાનનું પરિણામ શંકા અને મૂંઝવણ છે, જ્ઞાનનું પરિણામ નિશ્ચય અને સ્પષ્ટતા છે. માટે તારે શાંતિ અને સમાધાન જોઇતાં હોય તો જ્ઞાનરૂપી તલવારથી સંશયને છેદી મારા ઉપદેશેલા કર્મયોગનું આચરણ કર.

श्रद्धावांत भने ज्ञानं तत्परः संयतेन्द्रियः ।

ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥

ઇન્દ્રિયોને જીતનાર, તત્પર શ્રદ્ધાવાળો પુરુષ જ્ઞાનને પામે છે; જ્ઞાનને પામીને તરત જ પરમ શાંતિને પામે છે.

શાસ્ત્ર તથા ગુરુમાં શ્રદ્ધાવાળો પુરુષ જ મુક્તિને પામે છે, શાસ્ત્ર તથા ગુરુના વચનમાં સંશયવાળો પુરુષ જન્મ જન્માંતરે પણ મોક્ષને પામતો નથી.

શંકરાચાર્ય કહે છે કે શ્રદ્ધા રહિત પુરુષની ધર્મમાં પ્રવૃત્તિ થતી નથી. ધર્મપ્રવૃત્તિ વિના ધ્યેય સિદ્ધિ શક્ય

નથી. સર્વલોકો અશ્રદ્ધાથી પરાભવ પામેલા છે. અને તેથી આ સંસારરૂપી મહાસાગરમાં ડૂબે છે.

छित्वैनं संशयं योगमातिष्ठ तिष्ठ भारत ।

અંતે કર્મયોગના અનુષ્ઠાનથી અંતઃકરણની શુદ્ધિ દ્વારા ઉત્પન્ન થયેલા જ્ઞાન વડે જેના સંશયો છેદાઇ ગયા છે. એવો પુરુષ કર્મોથી બંધાતો નથી. કારણ કે તેના કર્મો જ્ઞાનાગ્નિથી બળી ગયાં છે,તેથી, શ્રીકૃષ્ણ કહે છે કે, હે અર્જુન, અવિવેકથી ઉત્પન્ન થયેલા તથા બુદ્ધિમાં રહેલા આત્મવિષયક સંશયને આ આત્મજ્ઞાનના તલવાર વડે છેદી નાંખી આ જ્ઞાન પ્રાપ્તિના સાધનભૂત કર્મયોગને તું આચર, આ જ્ઞાનના ઉપાયભૂત સ્વધર્મનું નિષ્કામ ભાવે અનુષ્ઠાન કર, તું સમત્વ ધારણ કરી યુદ્ધ કરે.

શ્રી કૃષ્ણનું કહેવાનું તાત્પર્ય એ છે કે આ યોગ યથાર્થ સમજાય તો આનો કર્તા હું છું અને આ મારૂં છે ઇત્યાદિ જે ભ્રમ થાય છે તે થાય જ નહિ અને જે જે સમયે જે જે પ્રાપ્ત થાય છે તે સ્વતઃ કર્મે જ થાય, માટે હે અર્જુન, આ પ્રસંગે સહજ પ્રાપ્ત એવું જે યુદ્ધ છે તેને માટે તું ઊભો થા અને તું પરમ યોગને સમજ્યો છે એમ સિદ્ધ અનુભવથી જણાવ.

આમ આ અધ્યાય સ્વતઃ ભગવાન પોતાની જવાબદારીઓ અને શ્રદ્ધા નિષ્ઠા બ્રહ્માર્પણ, આત્મતત્ત્વ એમ વિવિધ રીતે અર્જુનની શંકાઓનું નિર્મલ કરતાં કરતાં, યુદ્ધ માટે તૈયાર કરે છે.